# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર નિકેતા શાહ વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નશા મુક્ત યુવા - વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવશે**
2. **કેન્દ્ર સરકારે રાજ્યોને કરવેરા વિનિમય તરીકે 1 લાખ 9 હજાર 19 કરોડ રૂપિયાનો વધારાનો હપ્તો ચૂકવ્યો**
3. **કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડાએ NEET-PG ની તૈયારીઓની સમીક્ષા કરી**
4. **હવામાન વિભાગે આજે ગુજરાત સહિતના કેટલાંક રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી**
5. **કોમનવેલ્થ ગેમ્સમાં 39 ચંદ્રકો સાથે ભારત ચોથા સ્થાને પહોંચ્યું**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-NASHA-MUKT-ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નશા મુક્ત યુવા - વિકાસિત ભારત સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરશે.

દેશભરના 10,000 થી વધુ સ્થળોના યુવાનો ડ્રગ વ્યસન સામેના આ 100 અઠવાડિયાના અભિયાનમાં ભાગ લેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (BYTE - SAKLEN-AKHTAR)

# CENTRE--STATE-INSTALMENT

કેન્દ્ર સરકારે રાજ્યોને કરવેરા વિનિમય તરીકે 1 લાખ 9 હજાર 19 કરોડ રૂપિયાનો વધારાનો હપ્તો જારી કર્યો છે.

આ રકમ નિર્ધારિત નિયમિત માસિક ટ્રાન્સફર ઉપરાંતની છે. નાણા મંત્રાલયે જણાવ્યું કે આ વધારાનો હપ્તો રાજ્યોને મૂડી અને વિકાસ પ્રોજેક્ટ્સ પર ખર્ચ વધારવા માટે વધારાનું ભંડોળ આપવાનો છે. મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ આંકડા મુજબ, ઉત્તર પ્રદેશને સૌથી વધુ 19,208 કરોડ રૂપિયા, બિહારને 10,845 કરોડ રૂપિયા, મધ્ય પ્રદેશને 8,010 કરોડ રૂપિયા પશ્ચિમ બંગાળને 7,866 કરોડ રૂપિયા અને મહારાષ્ટ્રને 7,022 કરોડ રૂપિયા મળ્યા છે

# REV. UZBEKISTAN FM-INDIA VISIT

ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રી સૈદોવ બખ્તિયાર ઓદિલોવિચ આજે ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે આ મુલાકાત દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. તેઓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ નવી દિલ્હીમાં એક વ્યાપાર મંચમાં પણ ભાગ લેશે. આ મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધારવા અને વેપાર અને રોકાણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ પર ચર્ચા થશે.

# NADDA-NEET-PG-REVIEW

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાએ રાષ્ટ્રીય અનુસ્નાતક પાત્રતા કમ પ્રવેશ પરીક્ષા (NEET-PG) 2026 ની તૈયારીઓની સમીક્ષા કરી છે. ગઈકાલે

મળેલી બેઠક દરમિયાન, આ મહિનાની 30મી તારીખે યોજાનારી પરીક્ષાના સુગમ, સુરક્ષિત, પારદર્શક અને ટેકનોલોજીકલ રીતે અદ્યતન સંચાલનને સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શ્રી નડ્ડાએ પરીક્ષાના સંચાલનમાં સામેલ અન્ય હિતધારકોની તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું. તેમણે NEET-PG 2026 માટે અમલમાં મુકવામાં આવેલી પરીક્ષા વ્યવસ્થા, ઉમેદવાર સુવિધા પગલાં, સુરક્ષા માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજી-આધારિત પગલાં વિશે માહિતી મેળવી હતી.

શ્રી નડ્ડાએ ઉમેદવારોને અફવાઓથી દૂર રહેવા અને NBEMS અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર માહિતી પર જ આધાર રાખવા વિનંતી કરી. શ્રી નડ્ડાએ પરીક્ષા માટે કરવામાં આવેલી વ્યાપક સુરક્ષા વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે NEET-PG 2026 માટે કુલ 2 લાખ 73 હજાર 183 ઉમેદવારોએ નોંધણી કરાવી છે, આ પરીક્ષા લગભગ 340 શહેરો અને 1,300 થી વધુ પરીક્ષા કેન્દ્રોમાં એક જ શિફ્ટમાં લેવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMD WEATHER

હવામાન વિભાગે આજે કર્ણાટક, કેરળ, માહે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળમાં  નીચલા હિમાલયના પ્રદેશો અને સિક્કિમમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આગામી બે દિવસમાં દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં ભારે વરસાદની સંભાવના છે. આગામી બે દિવસમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ, ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પણ આવું જ હવામાન રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે માછીમારોને કાલ સુધી ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગોમાં અને 3 થી 6 ઓગસ્ટ સુધી પૂર્વ-મધ્ય અરબી સમુદ્રના કેટલાક ભાગોમાં ન જવાની સલાહ આપી છે.

# GUJ-WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાતના મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ અને અમદાવાદ સહિત છ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. વરસાદ હવે સૌરાષ્ટ્રમાં પણ પહોંચી ગયો છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ

(VC --APARNA-KHUNT-FLOOD)

# US- IRAN CONFLICT

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી વધારવાની ધમકી આપી છે. તેમણે ચેતવણી આપી છે કે જો ઈરાન જહાજો પર હુમલા બંધ નહીં કરે અને વાટાઘાટો શરૂ નહીં કરે, તો અમેરિકા હુમલાઓ વધારી દેશે.

સામે ઈરાને ચેતવણી આપી છે કે જો તેના પર હુમલો કરવામાં આવશે, તો તે પશ્ચિમ એશિયામાં ઇઝરાયલી માળખાગત સુવિધાઓ અને અમેરિકી ઊર્જા સુવિધાઓ પર હુમલો કરશે.વધતા તણાવને કારણે, અમેરિકી વિદેશ મંત્રાલયે પશ્ચિમ એશિયામાં અમેરિકન નાગરિકો માટે નવી સુરક્ષા સલાહ જારી કરી છે, જેમાં તેમને સંઘર્ષ વધુ વધે તો સ્થળાંતર કરવા તૈયાર રહેવા જણાવાયું છે.

દરમિયાન, હમાસે જણાવ્યું છે કે તે અમેરિકાને યુદ્ધવિરામ કરાર હેઠળ તેના શસ્ત્રો સોંપવા તૈયાર છે, જોકે ઇઝરાયલ હજુ પણ નવા હુમલા કરી રહ્યું છે. ગાઝા અને લેબનોનમાં પણ તણાવ ચાલુ છે.

# EU-EMERGENCY-MEET-MIGRATION

યુરોપિયન સંઘ મંગળવારે ગેરકાયદેસર ઇમિગ્રેશન અંગે ચર્ચા કરવા માટે સેઉટામાં એક કટોકટી બેઠક યોજશે.

ઘૂસણખોરીની ઘટનાઓ બાદ સ્પેન અને કેટલાક અન્ય સભ્ય દેશો વચ્ચે આ બેઠક યોજાઈ રહી છે. મોરોક્કોથી આશરે 60,000 લોકો ગેરકાયદેસર રીતે સ્પેનમાં પ્રવેશ્યા બાદ 22 યુરોપિયન સંઘ દેશોએ સંયુક્ત રીતે આ મુદ્દાને ઉકેલવા અને કડક સરહદ દેખરેખ માટે નિર્ણય લેવા હાકલ કરી છે.

દરમિયાન, ઇટાલીએ સ્પેન સાથે મુક્ત અવરજવર અંગેનો શેંગેન કરાર અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધો છે. આ પગલાને ફિનલેન્ડ અને ડેનમાર્ક દ્વારા પણ ટેકો આપવામાં આવ્યો છે.

દરમિયાન અધિકારીઓએ જણાવ્યું છે કે 30 જુલાઈએ સેઉટામાં પ્રવેશ કરનારા લગભગ બધા જ લોકો પાછા ફર્યા છે. સરહદ પાર કરવાના આ પ્રયાસમાં 67 લોકોના મોત થયાના અહેવાલ છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે કહ્યું કે સ્પેને તેની સરહદો પર નિયંત્રણ પુનઃસ્થાપિત કર્યું છે.

# CWG-MEDALS

ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સના 10મા દિવસે 16 મેડલ જીતી ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. ભારતે અત્યાર સુધીમાં 13 સુવર્ણ , 17 રજત અને 9 કાંસ્ય સહિત કુલ 39 ચંદ્રકો જીત્યા છે.

ભારતે સૌથી વધુ 10 ચંદ્રક બોક્સિંગમાં જીત્યા છે. પુરુષો પેરા શોટ પુટ અને ટ્રિપલ જમ્પમાં બે-બે જ્યારે જુડો અને એથ્લેટિક્સમાં એક-એક ચંદ્રક જીત્યો છે .

ભારતીય બોક્સરોએ કોમનવેલ્થ ગેમ્સમાં ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. પ્રીતિ પવાર, જાસ્મીન લંબોરિયા, સાક્ષી ચૌધરી, પ્રિયા ઘંઘાસ, અરુંધતી ચૌધરી, સચિન સિવાચ અને અંકુશ પંઘાલે સુવર્ણ જ્યારે જદુમણિ સિંહ, લવલીના બોરગોહેન અને નરેન્દ્ર બેરવાલે રજત ચંદ્રક જીત્યા છે .

પેરા-એથ્લેટિક્સમાં પુરુષોની F-57 શોટ પુટ ઇવેન્ટમાં સોમન રાણાએ સુવર્ણ , જ્યારે શુભમ જુયાલે રજત ચંદ્રક જીત્યો. એથ્લેટિક્સમાં પ્રવીણ ચિત્રાવલે પુરુષોની ટ્રિપલ જમ્પમાં રજત, સેલ્વા પ્રભુ તિરુમારને કાંસ્ય ચંદ્રક જીત્યો, જ્યારે લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહે પુરુષોની 5,000 મીટર દોડમાં કાંસ્ય અને જુડો ખેલાડી ઉન્નતિ શર્માએ મહિલાઓની 63 કિગ્રા શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે .

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય રમતવીરોના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા છે

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે  રિધ્ધિ ઉંધાડ..

- આજના મોટાભાગના અખબારોએ અષાઢ મહિનામાં પડી રહેલ અનરાધાર,,, કોમનવેલ્થમાં ભારતને એક દિવસમા બોક્સિંગમાં મળેલા 7 ગોલ્ડના સમાચારની હેડલાઈન બનાવી છે..
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે કોમનવેલ્થમાં ભારતને પહેલીવાર બોક્સિંગમાં એક જ દિવસમાં 7 ગોલ્ડ કુલ 38 મેડલ થયા..
- ફૂલછાબનુ મુખ્ય શિર્ષક છે આભ અષાઢી- ઓણ હરિયાળી... કોમનવેલ્થમાં સોનુ વરસ્યુ,,,,, કોમર્શિયલ ગેસના ભાવમાં 200 રૂપિયાનો ઘટાડો..
- સંદેશ પ્રથમ પાને લખે છે જુલાઈમાં જીએસટીની આવક રૂ. 2.11 લાખ કરોડ...
- નવગુજરાત સમયની હેડલાઈન છે નાગરીકો મિડલ ઈસ્ટ છોડે- યુએસ વિનાશક જંગની ભીતી..
- સરકાર પર ધનવર્ષા- જીએસટી આવક રૂ. 2.11 લાખ કરોડ આ હેડલાઈન છે ગુજરાત સમાચારની...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો અદાણીએ સીનેજીના કિલોદીઠ ભાવમાં રૂપિયા 4નો વધારો કર્યો... ગુજરાતના 252 તાલુકામાં મેઘમહેર, મોરબીમાં 11 ઈંચ મૂશળધાર વરસાદ... અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી અને બોટાદમાં આજે રેડ એલર્ટ જાહેર.....કોમનવેલ્થ ગેમ્સના આજના સમાપન સમારંભમા અમદાવાદ 2030ની તૈયારીની ઝલક અપાશે..